ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીએ માનસીક તણાવમાં ગળેફાંસો ખાઈ લીધો

ભાટ ગામમાં રહેતી વિદ્યાર્થીનીએ સ્યુસાઈડ નોટ લખીને પોતાના ઘરે જ અંતિમ પગલુ ભર્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક સ્થિત ભાટ ગામમાં રહેતી અને રાજસ્થાન ખાતે અભ્યાસ કરતી ધો. ૧૨ની વિદ્યાર્નીએ ગઈ સાંજે પોતાના ઘરે જ સ્યુસાઈડ નોટ લખીને ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધુ છે. સ્યુસાઈડ નોટમાં ડીપ્રેશનને પગલે આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ હોવાનું અડાલજ પોલીસમથકના તપાસનીસ અધિકારીએ જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાટ ગામમાં રહેતી ૧૭ વર્ષિય અદિતી રાજેશભાઈ ક્રિષ્ણાણી રાજસ્થાનનો કોટા વિસ્તારની એક શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હતી. ઘરે રહેવા આવેલી અદિતીએ ગઈ સાંજે પોતાના ઘરે અંગ્રેજીમાં સ્યુસાઈડ નોટ લખી ગળેફાંસો ખાઈ લીધો હતો. સ્યુસાઈડ નોટમાં તેણીએ લખ્યું હતું કે પોતે ઘણા સમયથી તણાવમાં રહેતી હોવાથી આ પગલુ ભરે છે. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતાં પી.એસ.આઈ ઝાલા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી ઊંડી તપાસ શરૂ કરી છે.

ગુડાના ચેરમેનને સત્કારવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર વિકાસસત્તા મંડળ(ગુડા)ના નવ નિયુક્ત ચેરમેન આશિષ દવેનો સત્કાર સમારોહ યોજવામાં આવશે. ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ દ્વારા ૧૫ માર્ચ રવિવાર સવારે ૯.૩૦ વાગે સ્કૂલ ઓફ એચિવર કુડાસણ ખાતે યોજાશે. જેમાં અતિથિ વિશેષ તરીકે શંભુજી ઠાકોર ધારાસભ્ય દક્ષિણ, હિના પટેલ પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર, કાળુસિંહ રાઠોડ પ્રમુખ તા. પં. ગાંધીનગર, સરોજબેન પટેલ ઉપપ્રમુખ તા. પં. ગાંધીનગર, ઘનશ્યામ પટેલ ચેરમેન તા. પં. ગાંધીનગર અને રાજેન્દ્ર પટેલ સદસ્ય, તા. પં. ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

ચિલોડા-પ્રાંતિજ વચ્ચે નેશનલ હાઈવેના પેવરકામમાં ડાયવર્ઝનના ધાંધીયા

ગુરૂવાર સાંજે તલોદ તરફ જવાનો પ્રવેશ સદંતર બંધ કર્યો, વાહનોના ખડકલાથી ચાલકો પરેશાન

ગાંધીનગર, તા. ૧૩

ચિલોડાથી શરૂ થતા ચાર માર્ગીય નેશનલ હાઈવે ઉપર હાલ માર્ગનું નવીનીકરણ થઈ રહ્યું છે. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા અણઘડરીતે કામગીરી કરાંતા ડાયવર્ઝનના ધાંધીયા ઉભા થયા છે. વધુમાં આ કામગીરી અચાનક બંધ કરી અચાનક જ શરૂ કરી દેવાય છે. તેમજ માર્ગને ટુકડાના સ્વરૂપે પેવર કામ અપાય છે જેથી વાહનચાલકો આવી અનિશ્ચિત કામગીરીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે અને ડાયવર્ઝનની કોઈજ સ્થિતિ નક્કી ન હોવાથી વાહનોના ખડકલા માર્ગ ઉપર થઈ જાય છે જેમાં સમય અને ઈંધણની બરબાદી થઈ રહી છે.

નેશનલ હાઈવે નં. ૮ ઉપર હાલમાં ચિલોડાથી પ્રાંતિજ વચ્ચે માર્ગનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. થઈ રહેલી આ કામગીરી પ્રત્યે વાહનચાલકોમાં અનેક સવાલો પેદા થયા છે. વળી કામગીરી દરમ્યાન અચાનક જ ડાયવર્ઝન શરૂ કરાય છે કાં તો માર્ગ જ બંધ કરી દેવાય છે જેમાં ગુરૂવારના રોજ મજરા ચોકડીએ અચાનક સાંજે શરૂ કરવામાં આવેલ આ કામ માટે તલોદ તરફે જવાનો પ્રવેશ જ સદંતર બંધ કરી દેવાયો હતો. જેથી વાહનચાલકો મહામુસીબતે લાંબા ચક્કર કાપી આપમેળે માર્ગ શોધી કાઢતા હતા. આ અંગે હાજર સુપરવિઝન કરતાં

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

વ્યક્તિને પુછતાં તેમણે જણાવ્યું હતું કે દસ મિનિટમાં કામ પુરૂ થતાં માર્ગ ખુલ્લો થઈ જશે. ત્યારે આ દસ મિનિટમાં આ મુખ્ય માર્ગનું કામ કેવું થતું હશે અને કેટલુ ગુણવત્તાવાળુ હશે તેવા પ્રશ્નો સર્જાયા છે.

વધુમાં ચિલોડાથી શરૂ કરેલા આ માર્ગ ઉપર ટુકડા પદ્ધતિથી કામગીરી કરાય છે જેમાં કોઈક દિવસ છાલા પાસે, તો કોઈક દિવસ ધણપ, કોઈક દિવસ ચંદ્રાલા તો પછી મજરા આમ ચોક્કસ અને સળંગ કામગીરીનો અભાવ વર્તાઈ રહ્યો છે. જેથી આ કામ કંઈ જગ્યા ચાલુ હશે અને ક્યાં ડાયવર્ઝન હશે તે સ્થિતિથી અજાણ વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ અકસ્માત થવાના સંજોગોમાં પરિવર્તીત થાય છે. ચિલાચાલુ કામગીરીનો અંદાજ એક જ દિવસ કે અડધા દિવસમાં અડધા કિ.મી. જેટલો માર્ગ પેવર થતો હોય તેજ ઉદાહરણ વાહનચાલકો સમક્ષ છે. જેથી ચોક્કસ સ્થળો, ડાયવર્ઝન અને ગુણવત્તા યુક્ત કામગીરી કરાય તો સમય-ઈંધણ અને ટકાઉપણુ મળી શકે તેવી માંગ વાહનચાલકોએ કરી છે.

એલસીબીએ મુસાફરોને રીક્ષામાં બેસાડી લૂંટી લેતી ગેન્ગ પકડી પાડી

૬૦થી પણ વધુ ગુન્હાઓનો પર્દાફાશ : એક મહિલા સહિત પાંચની ધરપકડ:રૂપિયા ૧.૧૭ લાખનો મુદ્દામાલ રીકવર

ગાંધીનગર,૧૨

ગાંધીનગર શહેર, પેથાપુર, અમદાવાદ, ચિલોડા, ભાટ, કલોલ, મહેસાણા, પાટણ સહિતના હાઈ-વે પટ્ટા પર મુસાફરને રીક્ષામાં બેસાડીને તેમનીનજર ચુકવી કિંમતી ચીજવસ્તુ સેરવી લેતી ગેન્ગને ગાંધીનગર એલસીબીએ ઝડપી પાડી છે.એક મહિલા સહિત પાંચની ગેન્ગને પકડીને એલસીબીએ કરેલી પુછપરછ દરમિયાન ગાંધીનગર તથા આસપાસના જિલ્લાઓમાંથી ૬૦ જેટલા ગુન્હાઓની કબુલાત કરી લીધી છે. એલસીબીએ પાંચેયની ધરપકડ કરી ઝીણવટભરી પુછતાછ કરી રૂા.૧.૧૭ લાખનો મુદ્દામાલ રીકવર કરી લીધો છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી હસમુખ પટેલ અને ગાંધીનગર જિલ્લા પોલીસવડા વિરેન્દ્રસિંગ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબી

પીઆઈ આશુતોષ પરમારની ટીમે મીલકત સંબધીત ગુન્હાઓના ડીટેકશન માટે બાતમીદારો સક્રીય કર્યા હતા. દરમિયાન કોન્સ્ટેબલ હરીભાઈને બાતમી મળતા આજે ભાટ મધર ડેરી પાસેથી રીક્ષામાં સવાર પાંચ વ્યક્તિઓને શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યા હતા. એક મહિલા સહિત પાંચ આ ગેન્ગને એલસીબી કચેરીએ લાવી સઘન પુછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ ચમનપુરા, અસારવા, શાહિબાગ, કાલુપુર રેલવે સ્ટેશન, ગાંધીનગર શહેર, પેથાપુર, ચિલોડા, ભાટ, કલોલ, મહેસાણા, અને પાટણના હાઈવે વિસ્તારને ટાર્ગેટ બનાવી આ વિસ્તારોમાંથી એકલ દોકલ જતા મુસાફરોને ઓછા ભાડાની લાલચ આપીને રીક્ષામાં બેસાડી દઈ તેમની નજર ચુકવી બેગમાંથી કિંમતી દાગીના કે અન્ય મોબાઈલ સહિતની ચીજવસ્તુઓ જે હાથમાં આવે તે સેરવી લઈ ચોરી કરી લેતા હોવાનું બહાર આવ્યું છે.

અસારવા ચમનપુરાના સંજય ઉર્ફે શૈલેશ ઉર્ફે હોઠાળો રમેશ પટણી, બિપીન ગોવીંદ પટણી, મણીનગરનો સચીન ગોવીંદ પટણી, ચમનપુરાનો મુકેશ ઉર્ફે કાનકટ્ટો રમણ પટણી અને પુનમ ઉર્ફે ચકલી ઉર્ફે બાડી વિજય કડીયા પાંચેયની ધરપકડ કરી કડક પુછપરછ કરાતા તેમની પાસેથી એક રીક્ષા મોબાઈલ , આડસ કરવા માટેની બેગ તથા રોકડ મળીને કુલ રૂા. ૧.૧૭ લાખનો મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો છે. આ ગેન્ગ પેસેન્જરને બેસાડ્યા બાદ તેમની બેગમાંથી કિંમતી વસ્તુ ચોરી કરી લે પછી પાડી દો....જેવી કોડવર્ડ ભાષાનો ઉપયોગ કરીને યેનકેન પ્રકારે, એક પેસેન્જરને ઉતાર પાછો આવુ છું, પંચર પડ્યું છે, હવા ઓછી છે, પોલીસ ઉભી છે જેવા બહાના બતાવીને પેસેન્જરને રસ્તામાં ઉતારી દેવાની એમઓ ધરાવતી હતી. એલસીબીએ મુદ્દામાલ રીકવર કરીને સેક્ટર-૨૧ પોલીસને પાંચેય આરોપીઓ વધુ પુછપરછ માટે સોંપી દિધા છે.

સે-૨૪માં વધુ એક મહિલાનાં ગળામાંથી સોનાનો દોરો ખેંચાયો

શિવમ એપાર્ટમેન્ટની સીડીઓ ચઢવા જતી મહિલાને ચેઈન સ્નેચર્સે નિશાન બનાવી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સે-૨૪ પીળા પટ્ટામાં રહેતી એક મહિલા સે-૨૪ શિવમ એપાર્ટમેન્ટની સીડીઓ ચઢી રહી હતી ત્યારે એક બાઈક પર ત્રણ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે તેણીને ટાર્ગેટ બનાવી તેમની પાસે જઈને ગળામાં હાથ મારી રૂ. ૨૩ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચી લીધો હતો અને પળવારમાં રફુચક્કર થઈ ગયા હતાં. સે-૨૧ પોલીસે ચેઈન સ્નેચીંગનો ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

સે-૨૪ પીળો પટ્ટો મકાન નંબર ૫૧૫ ખાતે રહેતી મહિલા મણીબેન મંગળભાઈ પરમાર ગઈકાલે સમી સાંજે કોઈ કામે શિવમ એપાર્ટમેન્ટ જવા નીકળી હતી. શિવમ એપાર્ટમેન્ટની સીડી ચઢી રહી હતી ત્યારે એક બાઈક પર ત્રણ સવારી આવેલા શખ્સોએ રોડ પર બાઈક ઉભું રાખ્યું અને તે પૈકી એક શખ્સ મણીબેન નજીક ગયોને ગળામાંથી સોનાનો દોરો ખેંચી પાછો બાઈક પર બેસી ગયો હતો. બાઈક લઈને પળવારમાં ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતાં. રૂ. ૨૩ હજારની કિંમતનો દોરો લુંટીને ભાગેલા શખ્સોને પકડવા મહિલાએ બુમાબુમ કરી પરંતુ ટોળુ ભેગુ થયું ત્યાં સુધીમાં તો ચેઈન સ્નેચર્સ ગાયબ થઈ ગયા હતાં. મણીબેનની ફરિયાદને આધારે સે-૨૧ પી.આઈ. વાય.આર. મિશ્રાએ ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

વડોદરા સમસ્ત બ્રહ્મસમાજ પસંદગી સંમેલન

ગાંધીનગર, તા. ૧૩

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ૩૦ મે, શનિવારે વડોદરા ખાતે ૪૪મો જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. પસંદગી સંમેલનમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતીઓએ ઉમેદવારી પત્રક ઘરે બેઠા મંગાવવા માટે નીચેના નંબર પર પુરા સરનામા સાથે મેસેજ કરવો. ૯૯૨૫૫૧૯૨૪૬, ૯૯૯૮૨ ૧૮૪૨૮ તેમજ ટપાલથી સરનામુ મોકલવા મયુર દવે, ૯, કમલકુંજ સોસાયટી, અર્પણ કોમ્પલેક્ષ પાસે નિઝામપુરા વડોદરા ખાતે સંપર્ક કરવો.

બહુજન નાયક કાશીરામજીને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

બામસેફ સંસ્થાપક શ્રી કાશીરામની ૮૧મી જન્મ જયંતિ નિમિત્તે આયોજિત વિચારગોષ્ઠિ તથા પુષ્પાંજલિ તા. ૧૫મી માર્ચને રવિવારે સાંજે ૫.૦૦ વાગે સેક્ટર-૬ના બગીચામાં રાખેલ છે. જેમાં મુખ્ય મહેમાનશ્રી રમણભાઈ ટી. વાઘેલા, ડેપ્યુટી સેક્રેટરી તથા શ્રી મહેન્દ્રભાઈ સોલંકી બામસેફ એક્ટીવીસ્ટ હાજર રહેશે. એકતા મંચના કન્વિનર શ્રી સોમ વાઘેલાએ જણાવેલ છે.

આજે રેશનલ સમાજની બેઠક

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૪-૩-૧૫ને શનિવારે સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતે મળશે. જેમાં ડો. રાકેશ ભટ્ટ, 'રોગો વિશે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા' વિષય ઉપર પોતાનું વક્તવ્ય રજુ કરશે. તમામ સભાસદ મિત્રોએ બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યા છે.

બોર્ડ પરીક્ષા પૂર્વે જ વિદ્યાર્થી સાથે સગીરા ફરાર થઈ ગઈ!

શૈક્ષણિક કારકિર્દી કોરાણે મુકી નાસી ગયેલા બંનેને શોધવા પોલીસે તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૨ની બોર્ડ પરીક્ષા પૂર્વે જ શહેરની એક કિશોરી પ્રેમી સાથે ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. બોર્ડ પરીક્ષાના ટાણે જ શૈક્ષણિક કારકિર્દી કોરાણે મુકી પલાયન થઈ ગયેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીની ભાળ મેળવવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સે-૭ પોલીસે આ મામલે કીશોર સામે એટ્રોસીટી અને અપહરણનો ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની મોસમ શરૂ થતા વિદ્યાર્થીઓની સાથે વાલીઓ પણ એલર્ટ મોડમાં આવી ગયા છે. સમગ્ર વર્ષની મહેનતના અંતે બોર્ડની કસોટી પાર કરવા વિદ્યાર્થીગણ ઉત્સુક છે. ધો-૧૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કારકિર્દીને અનુલક્ષી આ કસોટી વિશેષરૂપે મહત્વની હોવાથી વાલીઓ પણ પરીક્ષાર્થીઓની કાળજી કરી રહ્યા છે. આવા સંજોગોમાં બોર્ડની પરીક્ષા આપવાના ટાણે જ શહેરની એક કીશોરી અને સગીર રાહ ભટકી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બોર્ડની પરીક્ષા પૂર્વે જ ધો-૧૨ના બંને પરીક્ષાર્થીઓ નાસી જતા વાલીઆલમમાં પણ આ મામલે ચિંતા પ્રવર્તી છે. સગીર વયની વિદ્યાર્થીની અને કિશોર વચ્ચે પ્રેમ સંબંધ હોવાથી ભાગી ગયા હોવાનું મનાય છે. આ મામલે સે-૭ પોલીસને જાણ થતા પોલીસે સગીર વિદ્યાર્થી સામે એટ્રોસિટી અને અપહરણનો ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર પાસેના અતિ વિકસીત કોબા ગામમાં જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા સ્વાઇન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત, રામજી મંદિર અને જૂના કોબામાં સરપંચ યોગેશભાઈ નાયીની આગેવાનીમાં વિતરણ કરાયું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૯

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૪૬ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

હે... બ્રો : ૧૧.૩૦, ૨.૦૦ ૪.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

બદમાશીયાં : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

વાવ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૦૦

કિંગ્સમન : સિક્રેટ સર્વિસ (ઈંગ્લીશ) : ૭.૧૫

સ્ક્રીન-૪ :

અબ તક છપ્પર-૨ : ૫.૩૦, ૭.૪૫

દમ લગાકે હેઈસા : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

હે... બ્રો : ૧૨.૩૦, ૫.૩૦

બદમાશીયાં : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૨.૪૫

આપની આજ

મેષ : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

વૃષભ : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુંવાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. હસમુખભાઈ મણીલાલ ઠક્કર (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૩૪૯/૧, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પાલીબેન નટવરભાઈ દંતાણી (ઉ.વ.૬૦) સે-૨૮, ચરેડીનાં છાપરાં, ગાંધીનગર
- સ્વ. ઠાકોર સવિતાબેન દિપાજી (ઉ.વ.૪૫) મુ. માણેકપુર, તા. માણસા, જી. ગાંધીનગર